'ગ્રીન વિક'ની ઉજવણીના ભાગરૂપે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાની સેક્ટર-૧૦બી શાખા તથા ઉદ્યોગ ભવન શાખાના સંયુક્ત ઉપક્રમે શ્રી બી ડી પટેલ વિદ્યામંદિર, વાવોલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ બી એ પટેલે જીવનમાં વૃક્ષનું મહત્ત્વ શું છે એ વિષે માહિતી આપી વૃક્ષઉછેર માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્ટેટ બૅન્કના આસિ. જનરલ મૅનેજર વિનોદ અમલાણી અને પ્રવેશ નાગરે પર્યાવરણ જાળવણીમાં બૅન્કના યોગદાન વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા બૅન્કના સ્ટાફનો સહયોગ મળ્યો હતો.

નવગુજરાત કૉમર્સ કૉલેજ ખાતે વિશ્વ વસતી દિન ઉજવાયો

નવગુજરાત કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે શનિવારે વિશ્વ વસતી દિનની ઉજવણી નિમિત્તે અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨૯ના ડૉ. ગિરીશભાઈ પટેલની આગેવાની હેઠળ 'વસતી વધારો-એક સમસ્યા' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કૉલેજના ૭ યુવા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ વક્તૃત્ત્વ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અનુક્રમે અનીષા, પ્રકાશ વાઘેલા અને ઋષિત વાઘેલા વિજયી થયા હતા જેમને અર્બન હેલ્થ સેન્ટર તરફથી ઈનામો આપવામાં આવ્યાં હતાં. ભાગ લેનારા અન્ય સ્પર્ધકોને પમ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં.

જન્મદિને વધામણી

ડો. કૃણાલ પટેલ
મો. ૯૮૯૮૪ ૭૭૧૩૯

હેતાર્થ પરિમલ પટેલ
મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮

લીલાવતીબેન કરસનદાસ ચાવડા
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩

પ્રિયલ કિશ્ચિયન

નયનાબેન સંતોષસિંહ મકવાણા
મો. ૯૯૦૯૩ ૧૧૮૯૭

વિશ્વરાજ જી વાઘેલા

તનિષા વી પ્રજાપતિ

અપોલો હોસ્પિટલ્સ દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન હેઠળ

ગર્ભવતી સ્ત્રીઓનું ફ્રી હેલ્થ ચેક-અપ

અપોલો હોસ્પિટલ્સ દર મહિનાની ૯મી તારીખે ગાંધીનગર નજીકના અર્ધશહેરી તથા ગ્રામીણ વિસ્તારોની ગર્ભવતી સ્ત્રીઓનું ચેક-અપ કરશે

ગાંધીનગર, તા. ૯

અપોલો હોસ્પિટલ્સ હંમેશા તેમના દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવા પૂરી પાડે છે. આજે અપોલો હોસ્પિટલ દ્વારા ડિસ્ટ્રીક્ટ હેલ્થ ડિપાર્ટમેન્ટના સહયોગથી તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉવારસદ સાથે મળીને પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત ગર્ભવતી સ્ત્રીઓ માટે ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અપોલો હોસ્પિટલ્સ ગ્રુપના ચેરમેન ડૉ. પ્રતાપ સી. રેડ્ડીએ કહ્યું કે, "એક જવાબદાર હેલ્થકેર પ્રોવાઈડર તરીકે, અપોલો હોસ્પિટલ્સ પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનને સપોર્ટ કરવા જિલ્લા આરોગ્ય વિભાગના માર્ગદર્શન સાથે શનિવારે ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉવારસદ ખાતે આજે ૧૦ થી ૨ દરમ્યાન ફ્રી મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં ભાટ ગામની ૬૦થી વધુ ગર્ભવતિ મહિલાઓ માટે વિનામૂલ્યે સોનોગ્રાફી ટેસ્ટ, બ્લડ સુગર ટેસ્ટ, બ્લડ પ્રેશર, સામાન્ય તપાસ તથા ગાઈનેકોલોજીસ્ટ કન્સલ્ટેશન કરવામા આવ્યુ હતુ.અપોલોની ડોકટર્સની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી જેમાં સ્ત્રી રોગ નિષ્ણાંત અને પેરામેડિકલ સ્ટાફનો સમાવેશ થાય છે.

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદના સીઈઓ ડૉ. રાજેશ કામરાને કહ્યું કે, સામાજિક જવાબદારીના ભાગ રૂપે સરકારી પહેલને સપોર્ટ કરવામાં અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ હંમેશા મોખરે છે.

અમે જિલ્લા આરોગ્ય વિભાગ નો આભાર માનીએ છીએ કે તેમણે અમને એવી મહિલાઓની સાવચેતી કરવામાં મદદ કરી જેમને ગર્ભાવસ્થા દરમિયાન તંદૂરસ્ત સ્વાસ્થ્ય ની જરૂર હોય છે.

વેદ ઈન્ટરનૅશનલ સ્કૂલ ખાતે સકારાત્મક વલણ અંગે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૯

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે સકારાત્મક વલણ અંગે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ લીધો હતો.

સ્કૂલ નિત્યક્રમ મુજબ સામુહિક પ્રાર્થના પૂર્ણ થયા પછી વક્તા મૌલિકનભાઈ પંડ્યાનો પરિચય સ્કૂલના આચાર્ય દ્વારા કરાવવામાં આવ્યો હતો. મૌલિનભાઈ પંડ્યાએ પોતાના વક્તવ્યમાં સર્જનાત્મક, હકારાત્મક વલણ અંગે વિશદ વાત કરી હતી અને વિદ્યાર્થીઓ તથા સ્કૂલના સ્ટાફ મિત્રોને પોતાનાં જીવનમાં સકારાત્મક વલણ અપનાવવાનો અનુરોધ કર્યો હતો.

પ્રવચન બાદ વિદ્યાર્થીઓ દ્વારા કારકિર્દી માર્ગદર્શન અંગે વિવિધ પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા, જેના સંતોષકારક જવાબો મૌલિનભાઈ પંડ્યા દ્વારા આપવામાં આવ્યા હતા.

'પાગલપંતી'ની લૉન્ચ પાર્ટીમાં જામ્યો સ્ટાર્સનો મેળાવડો

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર, રાઈટર અને પ્રોડ્યુસર જેકી પટેલની બિગ બજેટ હિન્દી ફિલ્મ પાગલપંતીનું શુટિંગ ન્યુ ઝિલેન્ડ પાસે ફિઝિ આઈલેન્ડ ઉપર શરૂ થાય તે પહેલાં આજે ફિલ્મના તમામ કલાકારો અને ક્રુ મેમ્બર્સે સાથે મળીને હિમાલયા મોલ ખાતે પાર્ટીનું આયોજન કર્યું હતું.

પાર્ટીમાં સંખ્યાબંધ હિન્દી અને ગુજરાતી ફિલ્મ તથા કમર્શિયલમાં કામ કરનાર ફોરમ મહેતા, પુર્વા રાણા, અબ તક છપ્પન સહિતની ફિલ્મોમાં અભિનય કરનાર દિનેશ લામ્બા, ફાલ્ગુની રાજાણી, લગાન ફેમ આદિત્ય લાખીયા, ગુજરાતી પોપ સ્ટાર અરવિંગ વેગડા, ટીવી કલાકાર રવિશ, કોમેડિયન જય વિજય સચિન, કૃપા ચંદેરા અને સચિન કોહલી સહિતના કલાકારો ઉપસ્થિત રહ્યાં હતાં. પાગલપંતી સમગ્ર પરિવાર સાથે જોઈ શકાય તેવી એક રોમેન્ટિક, કોમેડી ડ્રામા ફિલ્મ રહેશે અને મોટાભાગની ફિલ્મનું શુટિંગ ન્યુઝિલેન્ડ પાસેના ફિઝિ આઈલેન્ડ ઉપર થશે. ફિલ્મની વાર્તા કોહીનુર હિરાની આસપાસ ફરે છે કે જેને પામવા માટે આઈલેન્ડ ઉપરના તમામ લોકો પેંતરા કરે છે અને તેનાથી સર્જાતી કોમેડીથી દર્શકો પેટ પકડીને હસવા મજબૂર બનશે. આ સાથે ફિલ્મમાં દેશભક્તિનો પણ સંદેશો આપવાનો પ્રયાસ કરાશે. બોલીવુડ સ્ટાર્સના જમાવડા વચ્ચે જેકી પટેલે તેમના દ્વારા નિર્મિત બે ગુજરાતી ફિલ્મ શિકાર – ૨ અને લવારીને પણ ટૂંક સમયમાં રિલિઝ કરવાની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ પાગલપંતીના નિર્માણ કામગીરીમાં અમદાવાદના આર્ટિસ્ટનું યોગદાન સૌથી વધુ રહેશે, જે ગુજરાત અને ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ બંન્ને માટે ગર્વની બાબત છે.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
દાવ થઈ ગયો યાર
૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૫
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦
૬.૩૦, ૧૦.૦૦

અમદાવાદમાં આજે વિમેન્સ કૉન્ફરન્સ-૨૦૧૬

અમદાવાદ મૅડિકલ ઍસોસિએશનની વુમન ડૉક્ટર વિંગનું આયોજન : રાજ્યભરનાં લૅડી ડૉક્ટર્સ તથા નૉનડૉક્ટર્સ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ મૅડિકલ ઍસોસિએશન વુમન ડૉક્ટર વિંગ દ્વારા જીએસબી-આઈએમએનાં નેજા હેઠળ રવિવાર, ૧૦ જુલાઈના રોજ ઈવ વિમેન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કૉન્ફરન્સમાં મહિલાઓ તેમના અને તેમના પરિવારના સ્વાસ્થ્યની સારસંભાળ લઈ શકે અને સુગમ તેમજ સુખી જીવન જીવવા માટે સલામતીનાં કેવાં પગલાં જરૂરી છે તેવા વિષયો આવરી લેવામાં આવશે.

વુમન ડૉક્ટર્સ વિંગ તેમજ કૉન્ફરન્સના ચૅરપર્સન ડૉ. મોના દેસાઈએ જણાવ્યું હતું કે આજના સમયમાં મહિલાઓ શિક્ષિક, નાણાંકીય રીતે સ્વતંત્ર અને હિંમતવાન હોય તેની તાતી જરૂરિયાત છે. મહિલાઓ પોતાના નિર્ણયો જાતે કરે અને બીજા પર તે નિર્ણયો માટે અવલંબિત ના બને તે પણ જરૂરી છે. સૌથી મહત્ત્વનું એ છે કે મહિલા પરિવારનો આધારસ્તંભ છે. આથી તે પોતે તંદુરસ્ત રહે તે ખાસ જરૂરી છે. જેથી તે પોતાના પરિવારની યોગ્ય રીતે સંભાળ લઈ સેવા કરી શકે. પરંતુ મહિલા પોતાના સ્વાસ્થ્ય અંગે મોટાભાગે બેદરકાર રહે છે, જેની અસર તેના પરિવાર પર પડે છે. આ કૉન્ફરન્સમાં મહિલાના જીવનકાશ દરમિયાન જોવા મળતી સામાન્ય બીમારીનાં લક્ષણો અંગે ખાસ ચર્ચા કરવામાં આવશે, જેથી તે મોટા રોગનું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં તેને અટકાવી શકાય. ઉપચાર કરતાં અટકાયત થાય તે વધારે જરૂરી છે. ડૉક્ટર્સ દ્વારા હૃદયને લગતા રોગો, કૅન્સર અને હાયપોથાઈરોડિઝમ જેવા રોગોનાં જોખમી પરિબળોની પણ ચર્ચા કરવામાં આવશે.

આધુનિક સ્ત્રીએ સશક્તિ-કરણથી ઉદભવતાં જોખમોને પણ જાણવાની જરૂર છે. આ કૉન્ફરન્સમાં નિષ્ણાત દ્વારા જાતીય સતામણી અને સ્ત્રી સશક્તિકરણ જેવા મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

ઝડપી જીવન, ખાવા-પીવાની ખરાબ આદતો, અનિયમિત ઉંઘનું વલણ જેવા મુદ્દાઓને કારણે સ્ત્રી ઘણી નાની ઉંમરમાં કમરના દુખાવા, આર્થરાઈટીસ અને સાંધાના દુખાવાઓ, હાઈપરટૅન્શન, હાઈ કૉલેસ્ટરોલ, હાયપોથાયરોડિઝમ વગેરે રોગોનો સામનો કરી રહી છે. આ ઉપરાંત વિવિધ પ્રકારનો કૅન્સર ઉદ્ભવવાના પ્રસંગો પણ વધી રહ્યા છે. નિષ્ણાતો દ્વારા આ પ્રકારના રોગો અંગે શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે અને રોજ-બ-રોજની જીવનશૈલીમાં તે કેવી રીતે મદદરૂપ થાય તેની પણ ચર્ચા કરવામાં આવશે.

આપણા જીવનમાં સ્માર્ટ ફોન અંતરંગ ભાગ બની ગયા છે. નિષ્ણાતો દ્વારા વિવિધ એપ્સના ઉપયોગ દ્વારા આપણા જીવનને કેવી રીતે સરળ બનાવી શકાય તેની પણ વાત કરવામાં આવશે.

આજની મિલેનીયમ સ્ત્રીને પોતાના સૌંદર્યની સંભાળ લેવાનો સમય નથી. આ કૉન્ફરન્સમાં નિષ્ણાત દ્વારા ત્વચા અને વાળની સંભાળના ઘરેલુ નુસખા પણ બતાવવામાં આવશે અને કિચન વેસ્ટનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેની ચર્ચા પણ કરવામાં આવશે.

આ કૉન્ફરન્સમાં ગુજરાતમાંથી લેડી ડૉક્ટર્સ અને નૉનડૉક્ટર્સ ભાગ લેશે. મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાનાં પ્રૅસિડેન્ટ ડૉ. જયશ્રીબેન મહેતા મુખ્ય અતિથિ તરીકે અને રાજકોટનાં પૂર્વ મેયર ડૉ. ભાવનાબેન જોશીપુરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

'મારી સ્નેહાળ સખી'